### તમામ ઈજાગ્રસ્તોને કઠલાલ સામૂહિક આરોગ્ય કેન્દ્ર ખાતે પ્રાથમિક સારવાર અપાઈ

# કઠલાલ શહેરમાં હડકાયા કૂતરાએ 18 લોકોને બચકાં ભરતા ભારે ફફડાટ

**વધુ ગંભીર 3** દર્દીઓને નડિયાદ સિવિલમાં ખસેડાયા





(પ્રતિનિધિ) નડિયાદ, તા.૧૭

કઠલાલ શહેરમાં અચાનક એક હડકાયા કૂતરાએ મચાવેલા આતંકના કારણે સ્થાનિક નાગરિકોમાં ભારે ભયનો માહોલ સર્જાયો છે. શહેરના જુદા જુદા વિસ્તારોમાં રસ્તા પરથી પસાર થતા અને ઘરની આસપાસ ઊભેલા નાના-મોટા મળી કુલ 18 જેટલા નાગરિકોને આ કૂતરાએ અચાનક હુમલો કરીને બચકાં ભરી લીધા હતા. આ જીવલેણ હુમલાને પગલે સ્થાનિક લોકો પોતાનો જીવ બચાવવા આમતેમ દોડવા લાગ્યા હતા.

કઠલાલ શહેરમાં રખડતા કૂતરાઓનો ત્રાસ સતત વધી રહ્યો છે, તેવામાં હડકાયા કૂતરાના હુમલાની ઘટનાથી સમગ્ર શહેરમાં ફફડાટ વ્યાપી ગયો છે. કૂતરાના હુમલાનો ભોગ બનેલા તમામ 18 ઈજાગ્રસ્તોને તાત્કાલિક અસરથી સારવાર અર્થે નજીકના કઠલાલ સામૂહિક આરોગ્ય કેન્દ્ર ખાતે લાવવામાં આવ્યા હતા. જ્યાં તબીબો દ્વારા તેઓને પ્રાથમિક સારવાર આપવામાં આવી હતી. જોકે, આ પૈકી 3 લોકોની ઈજાઓ વધુ ગંભીર હોવાથી તેઓને વધુ સઘન સારવાર માટે નડિયાદ સિવિલ હોસ્પિટલ ખાતે રિફર કરવામાં આવ્યા છે, જ્યાં હાલ તમામની સારવાર ચાલી રહી છે.

**સ્થાનિક તંત્ર સામે રોષ: કૂતરાને તુરંત પકડવા માંગ**

હડકાયા કૂતરાના ત્રાસથી ભયભીત થયેલા લોકો હવે પોતાના ઘરની બહાર નીકળતા પણ ડરી રહ્યા છે. રસ્તા પર જતા નિર્દોષ નાગરિકો પર થયેલા આ હુમલાના પગલે સ્થાનિક તંત્ર સામે ભારે રોષ જોવા મળી રહ્યો છે. અણધાર્યા હુમલાનો ભોગ બનેલા લોકોના પરિવારજનોમાં પણ ચિંતાનું મોજું ફરી વળ્યું છે. અન્ય કોઈ વ્યક્તિ આ હડકાયા કૂતરાનો શિકાર ન બને તે માટે તંત્ર દ્વારા વહેલી તકે તેને પકડી પાડવામાં આવે તેવી સ્થાનિકો માંગ કરી રહ્યા છે.

## આણંદના દિવ્યાંગો માટે નિ:શુલ્ક સાધન-સહાય એસેસમેન્ટ કેમ્પ યોજાશે

(પ્રતિનિધિ) આણંદ, તા.૧૭

આણંદ જિલ્લામાં હલન-ચલનની અશક્તતા ધરાવતા અસ્થિવિષયક દિવ્યાંગજનોને આધુનિક સહાયક ઉપકરણો પૂરા પાડી તેમને પગભર કરવાના હેતુથી એક વિશેષ એસેસમેન્ટ કેમ્પનું તા.૧૯ અને ૨૦ ના રોજ આયોજન કરાયું છે. સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ તથા નિયામક, સમાજ સુરક્ષા પ્રભાગના માર્ગદર્શન હેઠળ આ કેમ્પ યોજાશે. ભારત સરકારના જાહેર સાહસ એલિમ્કો અને પેટલાદ તાલુકાના નાર સ્થિત શ્રી નિત્યાનંદ સ્વામી એજ્યુકેશન ટ્રસ્ટ-ગોકુલધામનો મહત્વનો સહયોગ પ્રાપ્ત થયો છે. પાત્રતા ધરાવતા દિવ્યાંગોને કુત્રિમ હાથ-પગ, કેલીપર્સ, મોટરાઈઝ્ડ ટ્રાઈસીકલ અને જોયસ્ટીક વ્હિલચેર જેવા આધુનિક સાધનો વિનામૂલ્યે પૂરા પાડવાની પ્રક્રિયા હાથ ધરાશે.

## આણંદના વડોદ ગામે કૂવામાં પડેલી ગાય અને બે સાપનું રેસ્ક્યુ કરાયું





આણંદના વડોદ ગામ ખાતે કૂવામાં પડી ગયેલી એક ગાય તથા કૂવામાં રહેલા ૦૨ સાપને આણંદ ફાયર બ્રિગેડની ટીમે સફળતાપૂર્વક સુરક્ષિત રીતે બહાર કાઢ્યા છે. કરમસદ - આણંદ ફાયર કન્ટ્રોલ રૂમમાં ઘટના અંગે જાણ કરવામાં આવી હતી. આ અંગે માહિતી મળતાં જ ફાયર ઓફિસર ધર્મેશ ગોરની સૂચના મુજબ રેસ્ક્યુ ટીમ ઇમરજન્સી વાહન સાથે તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી હતી. ફાયર જવાનોની ટીમે જરૂરી સુરક્ષા વ્યવસ્થા સાથે રેસ્ક્યુ કામગીરી પાર પાડી હતી. આ સમગ્ર કામગીરી દરમિયાન કોઈપણ કર્મચારીને ઈજા કે જાનહાનિ થયેલ નથી.

# વીરપુરના સાલૈયા નજીક ચાલુ કારના એસીમાંથી આગ ભભૂકી

**પિતાએ** સમયસૂચકતા દાખવી ૨ વર્ષના પુત્રને ઉગારી લીધો



(પ્રતિનિધિ) વીરપુર તા.૧૭

વીરપુર તાલુકાના સાલૈયા ગામ નજીક એક કારમાં અચાનક વિકરાળ આગ ભભૂકી ઊઠતાં અફરાતફરી મચી ગઈ હતી. કારના આગળના એસી ભાગમાંથી આગ લાગતાં કારચાલકે ત્વરિત સમયસૂચકતા દાખવી પોતાના બે વર્ષના બાળકને સુરક્ષિત બહાર કાઢી લેતાં મોટી જાનહાનિ ટળી હતી.

પ્રાપ્ત વિગતો અનુસાર, વીરપુર તાલુકાના ભાટપુર ગામના નટવરસિંહ લક્ષ્મણસિંહ બારીયા પોતાના સગાને સરાડીયા ગામે મૂકીને પોતાની કારમાં પરત ફરી રહ્યા હતા. આ દરમિયાન સાલૈયા ગામ નજીક પહોંચતાં કારના આગળના ભાગમાં આવેલા એસીમાંથી અચાનક આગની જ્વાળાઓ ભભૂકી ઊઠી હતી. આ સમયે કારમાં તેમનો બે વર્ષનો પુત્ર પણ સવાર હતો. આગ લાગ્યાની ખબર થતાં જ નટવરસિંહે સમયસૂચકતા દાખવી તુરંત કાર રોકી, દરવાજો ખોલીને પોતાના બે વર્ષના બાળકને કારમાંથી બહાર કાઢી લીધો હતો. બાળકને બહાર કાઢ્યાની થોડી જ ક્ષણોમાં આગે વિકરાળ સ્વરૂપ ધારણ કર્યું હતું અને જોતજોતામાં સમગ્ર કાર આગની લપેટમાં આવી ગઈ હતી.

આ ઘટનાની જાણ ફાયર બ્રિગેડને કરવામાં આવી હતી, પરંતુ સ્થાનિક સ્તરે ફાયર બ્રિગેડની વ્યવસ્થા ન હોવાના કારણે ટીમને ઘટનાસ્થળે પહોંચવામાં આશરે બે થી ત્રણ કલાક જેટલો સમય લાગ્યો હતો. ફાયર બ્રિગેડ પહોંચે ત્યાં સુધીમાં કાર સંપૂર્ણપણે બળીને ખાક થઈ ગઈ હતી. સદનસીબે પિતા અને બે વર્ષના બાળકને સમયસર બહાર કાઢી લેવાતા મોટી જાનહાનિ ટળી હતી અને બંનેનો આબાદ બચાવ થયો હતો.

# બાકોરમાં ઈલેક્ટ્રિક મોટર અને વાયર ચોરી કરતી ગેંગ પકડાઈ

**લીમડીયા** ગામે થયેલી ચોરી અંગે પોલીસે 3ને પડી પાડ્યા

(પ્રતિનિધિ) લુણાવાડા તા.૧૭

મહીસાગર જિલ્લા પોલીસ અધીક્ષક સફીન હસન તથા નાયબ પોલીસ અધીક્ષક વી. એલ. ચૌધરીના માર્ગદર્શન હેઠળ બાકોર પોલીસે લીમડીયા ગામે ખેતરમાંથી થયેલ ઈલેક્ટ્રિક મોટર અને કેબલ વાયર ચોરીનો ગુનો ગણતરીના કલાકોમાં ઉકેલી કાઢ્યો છે. પોલીસે રૂ. ૧૫,૫૦૦ ની કિંમતનો મુદ્દામાલ રિકવર કરી ૩ આરોપીઓની ગિરફ્તાર કરી આગળની કાનૂની કાર્યવાહી હાથ ધરી છે.

બાકોર પોલીસ સ્ટેશન વિસ્તારના લીમડીયા ગામે વાંસેલી ફળિયામાં આવેલા ખેતરમાંથી અજાણ્યા ઈસમો ઈલેક્ટ્રિક મોટર અને આશરે ૧૫૦ ફૂટ ઈલેક્ટ્રિક કેબલ વાયર તથા સાહેદોના સ્ટાર્ટર અને મોટરોની ચોરી કરી ગયા હતા.

પોલીસ ઈન્સ્પેક્ટર જે.વી. પટેલના માર્ગદર્શન હેઠળ તપાસ ચલાવી રહેલા એ.એસ.આઈ. રમેશભાઈ તથા સ્ટાફ પેટ્રોલીંગમાં હતો. તે દરમિયાન બાતમીના આધારે ઈસરોડા ગામના ૩ શંકાસ્પદ ઈસમોને રાઉન્ડઅપ કરી સઘન પૂછપરછ કરાઈ હતી. તેઓએ ચોરીની કબૂલાત કરતા પોલીસે ૧ નંગ ઈલેક્ટ્રિક મોટર તથા અડધો સળગાવેલો આશરે ૧૫૦ ફૂટ ઈલેક્ટ્રિક કેબલ વાયર કબ્જે કર્યો હતો. વધુ પુછપરછમાં આ શખસો મોહન ઉર્ફે કટીયો મુના તલાર, વિક્રમ ઉર્ફે વિકુ સોમા તલાર, સુરપાલ જીવરા પગી હોવાનું જણાવ્યું હતું.

### મહુધા ટીડીઓને ગ્રામજનોનું આવેદન , કામગીરી અટકાવવા માંગ

# મહુધાના બારૈયાની મુવાડીમાં પંચાયત ઘરનું સ્થળ બદલવા સામે ભારે રોષ

**લોકોને વિશ્વાસમાં** લીધા વિના ઠરાવ કર્યાનો આક્ષેપ; નવી જગ્યા નક્કી કરવા 90 દિવસનો સમય માંગ્યો

(પ્રતિનિધિ) નડિયાદ તા.૧૭

મહુધા તાલુકાના બારૈયાની મુવાડી ગામમાં પંચાયત ઘરનું સ્થળ બદલવાના નિર્ણય સામે ગ્રામજનોએ ભારે વિરોધ નોંધાવ્યો છે. લોકોની જાણ બહાર લેવાયેલા આ નિર્ણયને રદ કરી હાલ ચાલી રહેલું બાંધકામ અટકાવવા માટે તાલુકા વિકાસ અધિકારીને આવેદનપત્ર આપવામાં આવ્યું છે.

મહુધા તાલુકાના બારૈયાની મુવાડી ગ્રામ પંચાયત વિસ્તારમાં નવું પંચાયત ઘર બનાવવા માટે પંચાયત દ્વારા તાજેતરમાં એક ઠરાવ કરીને વર્ષોથી જે જગ્યાએ પંચાયત ઘર કાર્યરત છે તે સ્થળ બદલવાનો નિર્ણય લેવાયો છે. જોકે, આ નિર્ણય બાબતે ગામના લોકોને વિશ્વાસમાં લેવામાં આવ્યા નથી કે કોઈ જાતની ચર્ચા કરવામાં આવી નથી. જાહેર સુવિધાના સ્થળની પસંદગીમાં પારદર્શિતા ન રખાતા લોકોમાં વહીવટી તંત્ર સામે ભારે નારાજગી જોવા મળી રહી છે.

ગ્રામજનોએ આવેદનમાં સ્પષ્ટપણે જણાવ્યું છે કે પંચાયત ઘર એ કોઈ વ્યક્તિગત મિલકત નથી પરંતુ સમગ્ર ગામની જાહેર સંસ્થા છે, તેથી તેનું સ્થળ નક્કી કરતી વખતે લોકોની સુવિધા અને ભવિષ્યની જરૂરિયાતને ધ્યાનમાં લેવી અત્યંત જરૂરી છે. જો જરૂરી પ્રક્રિયા કે ચર્ચા કર્યા વિના ઠરાવ કરાયો હોય તો તેની તટસ્થ તપાસ થવી જોઈએ. હાલ જે નવા સ્થળે બાંધકામ શરૂ કરાયું છે તેને તાત્કાલિક અસરથી સ્થગિત કરી જાહેર નાણાંનો વ્યય અટકાવવા સ્ટે ઓર્ડર આપવા રજૂઆત કરાઈ છે.

આ ઉપરાંત, જો કોઈ પદાધિકારી દ્વારા હોદ્દાનો દુરુપયોગ કરી ગેરરીતિ આચરવામાં આવી હોય તો તેની સામે કાયદાકીય રાહે પગલાં ભરવાની પણ ચીમકી ઉચ્ચારવામાં આવી છે.

## આણંદ-ખેડા અને મહિસાગર જિલ્લાના સંસ્થા સમાચાર

### કપડવંજમાં એટીએમ પર સિક્યુરિટી ગાર્ડે ભૂલાયેલા પૈસા મૂળ માલિકને પરત કર્યા

**કપડવંજ |** કપડવંજ એસબીઆઈ એટીએમ ખાતે પૈસા ઉપાડવા આવેલા ગ્રાહક નાણાં ન નીકળતા મશીન પાસેથી જતા રહ્યા હતા. બાદમાં



એટીએમ મશીનમાંથી બહાર નીકળેલા નાણાં પર ત્યાં હાજર પોલીસ/સિક્યુરિટી ગાર્ડની નજર પડી હતી. ફરજ પરના કર્મચારીઓએ પ્રામાણિકતા દાખવીને તે પૈસા મૂળ માલિકને પરત સોંપ્યા હતા. બંને કર્મચારીઓની આ સરાહનીય કામગીરી બદલ સૌએ તેમને અભિનંદન પાઠવ્યા હતા.

### કપડવંજમાં પર્યુષણ મહાપર્વની પૂર્ણાહુતિ પ્રસંગે ભવ્ય શોભાયાત્રા યોજાઈ

**કપડવંજ |** કપડવંજમાં પર્યુષણની પૂર્ણાહુતિ નિમિત્તે બપોરે ૩-૦૦ કલાકે વાત્સલ્યધામથી નીકળેલી ભવ્ય શોભાયાત્રા વિવિધ વિસ્તારોમાં



ફરી શ્રી શાંતિનાથ દેરાસર ખાતે પૂર્ણ થઈ હતી. આ શોભાયાત્રામાં બે બેન્ડવાજા, ચાંદીના બે રથ, ચાંદીની બગી તથા ભગવાન શ્રી મહાવીર સ્વામીના પારણા સાથે જૈન સંઘના ભાઈ-બહેનો મોટી સંખ્યામાં જોડાયા હતા. જેમાં સંઘનું પારણું મિતુલ નરેશચંદ્ર દોશી (વાત્સલ્યધામ) અને મીઠાભાઈ ગુલાલચંદની પેઢીનું પારણું અશ્વિનભાઈ નગીનદાસ શાહના નિવાસ સ્થાને રાખવામાં આવ્યું હતું. જૈનિલની અઠ્ઠાઈ તપની આરાધના નિમિત્તે યોજાયેલા આ ધાર્મિક પ્રસંગમાં જૈન સંઘે ઉત્સાહપૂર્વક ધર્મ લાભ લીધો હતો.

ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

**ગતિવિધિ**

**આપના સમાજ, સંસ્થા, સોસાયટી કે જૂથના કાર્યક્રમોને 'ગુજરાતમિત્ર' આણંદ પ્રસિદ્ધ કરશે. આપની જાહેર ખબર પ્રેસનોટ, અવસાન નોંધ નીચેના સરનામે મોકલી આપો.**

આણંદ : SF-223 એક્વેરીયસ કોમ્પ્લેક્ષ, કૃષ્ણ રોડ, ગોપાલ ચોકડી.
E-mail : gujmitraanand@gmail.com
મો. 99784 40509
નડિયાદ : પહેલો માળ, ભારત ભૂવન, તાલુકા પંચાયત સામે, નડિયાદ.
E-mail : gujmitranadiad@gmail.com

### કપડવંજના જોરપુરામાં ફૂલબાઈ માં જોગણી મંદિરે ભજન સંધ્યા અને મહાઆરતી યોજાઈ

**કપડવંજ |** કપડવંજ તાલુકાના જોરપુરા ગામે સવાસો વર્ષથી વધુ



જૂની પ્રણાલી મુજબ 'રથવાળી માં' ફૂલબાઈ માં જોગણીના મંદિરે નિકોલ, કેસરપુરા અને જોરપુરા ગામના લોકો દ્વારા શ્રદ્ધાપૂર્વક પૂજન કરવામાં આવ્યું હતું. હાલમાં જ પુનરોદ્ધાર પામેલ આ આસ્થા કેન્દ્રના ચોકમાં ૧૫૧ દીવીઓથી ભવ્ય મહાઆરતી અને ભજન સંધ્યાનું આયોજન કરવામાં આવ્યું હતું. સામાજિક આગેવાન વિજયભાઈ પટેલની ઉપસ્થિતિમાં પ્રકૃતિ પ્રેમી ખોડાભાઈ સોલંકી અને ખો-ખોમાં પ્રથમ આવેલી શાળાની વિદ્યાર્થીનીઓનું વિશિષ્ટ સન્માન કરાયું હતું. આ પ્રસંગે ત્રણેય ગામોના પંચાયત પ્રતિનિધિઓ, દૂધ મંડળીના હોદ્દેદારો અને મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

### કઠલાલના પીઠાઈ ખાતે કેડીસીસી બેંકના આધુનિક એટીએમનું લોકાર્પણ કરાયુ

**કઠલાલ |** કઠલાલ તાલુકાના પીઠાઈ દૂધ સહકારી મંડળી ખાતે કેડીસીસી બેંકના નવનિર્મિત 24*7 એટીએમનું લોકાર્પણ કપડવંજના



ધારાસભ્ય શ્રી રાજેશભાઈ ઝાલાના હસ્તે કરવામાં આવ્યું હતું. બેંકના ચેરમેન તેજસકુમાર પટેલના નેતૃત્વ હેઠળ ગ્રાહકોને ગામમાં જ વિના મૂલ્યે નાણાં ઉપાડની ઝડપી સેવાઓ પૂરી પાડવા ડિજિટલાઇઝેશન પર ભાર મુકાઈ રહ્યો છે. આગામી દિવસોમાં બેંક દ્વારા ૧૦૦થી વધુ સ્થળોએ નવા એટીએમ શરૂ કરવાનું જણાવ્યું હતું. ૧૦૫૬ દૂધ મંડળીઓમાં માઇક્રો એટીએમ કાર્યરત કરીને 'જિલ્લા બેંક, આપણી બેંક, આપના આંગણે' અને 'સહકારથી સમૃદ્ધિ'ના વિઝનને સાકાર કરવામાં આવી રહ્યું છે.

### વડતાલ ખાતેથી મંત્રીઓની ઉપસ્થિતિમાં 'સેવા સંકલ્પ બાઇક રેલી'નું ભવ્ય પ્રસ્થાન

**આણંદ |** વડાપ્રધાનના ૨૫ વર્ષના જનસેવા કાર્યોની ઉજવણી રૂપે વડતાલ ખાતેથી મંત્રી ઈશ્વરભાઈ પટેલ અને ડો. જયરામભાઈ



ગામીતે સેવા સંકલ્પ બાઇક રેલીને પ્રસ્થાન કરાવ્યું હતું. આ પ્રસંગે સંતો અને મંત્રીશ્રીઓ દ્વારા કળશમાં જળ અર્પણ કરી પર્યાવરણ સંરક્ષણ અને હરિયાળી વધારવાના સંકલ્પ સાથે વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું. સ્થાનિક અગ્રણીઓએ ▯સેવા પરમો ધર્મ:▯ના ભાવ સાથે સ્વચ્છતા, સ્વાસ્થ્ય, શિક્ષણ અને પર્યાવરણ સંરક્ષણના કાર્યોને પ્રોત્સાહન આપવાના સંકલ્પ લીધા હતાં. આ યાત્રામાં ૨૫ થી ૩૦ બાઇક સવારો સાથે પવિત્ર કળશ રથ અને વિકાસ યાત્રા દર્શાવતી LED વાન પણ સામેલ છે.

### નડિયાદમાં 'સેવા સંકલ્પ અભિયાન' હેઠળ ભવ્ય રક્તદાન શિબિર યોજાઈ

**નડિયાદ |** ખેડા જિલ્લા પોલીસ સુરક્ષા સેતુ સોસાયટી અને નડિયાદ કિડની હોસ્પિટલના સંયુક્ત ઉપક્રમે પોલીસ કોમ્યુનિટી હોલ ખાતે



રક્તદાન શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીની ૨૫ વર્ષની જનસેવાને બિરદાવવા શરૂ થયેલા 'સેવા સંકલ્પ અભિયાન' અને 'સેવા મારું યોગદાન' અન્વયે આ કેમ્પ યોજાયો હતો. શિબિરમાં કલેક્ટર એન.વી. ઉપાધ્યાયે ઉપસ્થિત રહીને સૌ નાગરિકોને ઉત્સાહપૂર્વક રક્તદાન કરવા માટે અપીલ કરી હતી. આ પ્રસંગે કલેક્ટર, જિલ્લા વિકાસ અધિકારી, જિલ્લા પોલીસ અધિક્ષક તથા ધારાસભ્ય પંકજભાઈ દેસાઈ સહિતના અગ્રણીઓએ ઉપસ્થિત રહી રક્તદાતાઓને બિરદાવ્યા હતા.

### ધુળેટા ગામે પ્રાકૃતિક ખેતીના પ્રચાર અર્થે કિસાન ગોષ્ઠી યોજાઈ

**આણંદ |** આણંદ કૃષિ યુનિવર્સિટીના કેવીકે દેવાતજ અને આત્મા પ્રોજેક્ટ આણંદના સંયુક્ત ઉપક્રમે ધુળેટા (બાજીપુરા) ખાતે કિસાન



ગોષ્ઠીનું આયોજન કરવામાં આવ્યું હતું. ગોષ્ઠીમાં જમીન વિજ્ઞાની ડો. એસ. વી. રાઠોડે બીજામૃત, જીવામૃત અને આચ્છાદાનના ઉપયોગથી ઉત્પાદન ખર્ચ ઘટાડી ગુણવત્તાયુક્ત ખેતી મેળવવાનું માર્ગદર્શન આપ્યું હતું. આ કાર્યક્રમમાં ધુળેટા ગામના ૪૫ જેટલા ખેડૂત ભાઈ-બહેનો તથા પ્રગતિશીલ ખેડૂતોએ હાજરી આપી પોતાના મંતવ્યો રજૂ કર્યા હતા. અંતમાં ખેડૂતોના કૃષિ વિષયક પ્રશ્નોનું નિષ્ણાતો દ્વારા નીરાકરણ કરાયું હતું તથા ડૉ. રાઠોડ અને સુરેશભાઈ મહેરિયાએ સફળ સંચાલન કર્યું હતું.

### વલ્લભ વિદ્યાનગરની આઇ. બી. પટેલ ઇંગ્લિશ સ્કૂલમાં ઓઝોન દિવસની ઉજવણી

**આણંદ |** વલ્લભ વિદ્યાનગર સ્થિત આઈ. બી. પટેલ ઈંગ્લિશ સ્કૂલ ખાતે વિદ્યાર્થીઓમાં પર્યાવરણ અને પૃથ્વીના રક્ષણ અંગે જાગૃતિ કેળવવાના હેતુથી ઓઝોન દિવસની ઉજવણી કરવામાં આવી હતી.



આ કાર્યક્રમ ઇન્ચાર્જ શ્રીમતી ઋત્વિકા પટેલના માર્ગદર્શન હેઠળ વિદ્યાર્થીઓને ઓઝોન સ્તરનું મહત્વ, તેમાં થતાં ફેરફારો તથા તેની પર્યાવરણીય અસરો વિશે વિગતવાર માહિતગાર કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે યોજાયેલી ઓઝોન અને પર્યાવરણ વિષયક ક્વિઝમાં વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો અને 'ઓઝોનનું રક્ષણ એટલે પૃથ્વીનું રક્ષણ'નો અગત્યનો સંદેશ મેળવ્યો હતો. આ ઉપરાંત શાળાના આચાર્ય ભાવેશકુમાર જી. ભટ્ટે સફળ આયોજન બદલ ઇન્ચાર્જને અભિનંદન પાઠવ્યાં હતાં.

### ખંભાતના કલોદરા હાઈસ્કૂલમાં પુત્રની પુણ્યતિથિએ તિથિ ભોજન અપાયું



**ખંભાત |** ખંભાત તાલુકાના કલોદરા ગામની ચંચલ દીપ વિદ્યાવિહાર હાઈસ્કૂલમાં ગામના પૂર્વ સરપંચ ઈશ્વરભાઈ પટેલ દ્વારા તિથિ ભોજનનું આયોજન કરાયું હતું. પોતાના દિવંગત પુત્ર ચી. પ્રગ્નેશની પાંચમી પુણ્યતિથિ નિમિત્તે તેમણે શાળાના તમામ બાળકોને પૌષ્ટિક ભોજન કરાવી ખુશી વ્યક્ત કરી હતી. આ પ્રસંગે બાળકો અને શાળા પરિવારે ગણપતિ મૂર્તિ સમક્ષ ચી. પ્રગ્નેશના આત્માની શાંતિ તેમજ દાતા ઈશ્વરભાઈ તથા જડીબેનના તંદુરસ્ત દીર્ઘાયુષ્ય માટે પ્રાર્થના કરી હતી. શાળાના આચાર્ય શ્રીમતી ઇન્દ્રાબેન પટેલે સંસ્કાર કેળવણી ટ્રસ્ટ અને સમગ્ર શાળા પરિવાર વતી દાતા પરિવારનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કર્યો હતો.

### સ્પેક બી.એડ્. કોલેજ દ્વારા વિવિધ શાળાઓમાં 'વિશ્વ આત્મહત્યા નિવારણ દિવસ'ની ઉજવણી કરાઈ

**આણંદ |** તિરૂપતિ ફાઉન્ડેશન ટ્રસ્ટ સંચાલિત સરદાર પટેલ કોલેજ ઓફ એજ્યુકેશન (સ્પેક), બાકરોલના એન્ટી-રેગિંગ સેલ



અંતર્ગત વિદ્યાર્થીઓમાં માનસિક અને ભાવનાત્મક સ્વાસ્થ્ય અંગે જાગૃતિ કેળવવા આ કાર્યક્રમ યોજાયો હતો. આ કોલેજના ઇન્ચાર્જ આચાર્ય ડો. ભાવના ભાવસાર તથા સંયોજક ટીમના માર્ગદર્શન હેઠળ તાલીમાર્થીઓએ બામરોલી, નડિયાદ, ચિખોદરા, રામોલ અને બાકરોલની વિવિધ શાળાઓમાં મુલાકાત લીધી હતી. આ કાર્યક્રમના સફળ આયોજન બદલ સંસ્થાના સેક્રેટરી શીતલ પટેલ, તમામ ટ્રસ્ટીશ્રીઓ અને સ્પેક મેનેજમેન્ટ દ્વારા શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી.

### મોગરી સ્થિત ક.મ. પટેલ બાલશાળા ખાતે 'હિન્દી દિવસ'ની ઉજવણી કરવામાં આવી

**આણંદ |** ચરોતર એજ્યુકેશન સોસાયટી, આણંદ સંચાલિત ક.મ. પટેલ બાલશાળા તેમજ શિશુવિહાર, મોગરી ખાતે 'હિન્દી દિવસ'ની





ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે આચાર્ય રાકેશભાઈ પટેલે હિન્દી ભાષાને ભારતીય સંસ્કૃતિ અને રાષ્ટ્રીય ભાવનાને જોડતી મહત્વપૂર્ણ કડી ગણાવી માર્ગદર્શન આપ્યું હતું. આ ઉજવણીમાં શાળાના બાળકોએ વિવિધ સાંસ્કૃતિક પ્રવૃત્તિઓમાં ભાગ લઈ પોતાની પ્રતિભા રજૂ કરી હતી. સંસ્થાના મંત્રી કેતનભાઈ પટેલ, કેમ્પસ ડાયરેક્ટર મહેશભાઈ પટેલ અને આચાર્યે બાળકોના પ્રયાસોને બિરદાવી હિન્દી દિવસની શુભકામનાઓ પાઠવી હતી.